ગાંધીનગર સમાચાર
તા. ૫-૩-૨૦૧૨, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

રાષ્ટ્રીય નેતૃત્વની વરમાળા : ત્રિશંકુ સરકારની સંભાવના

ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં નરેન્દ્ર મોદીનો અનૌપચારિક રાજયાભિષેક થયો તેના પડઘા હજી શમ્યા નથી. બલકે એ ઐતિહાસિક ઘટનાને ભાજપના કાર્યકરોછેક ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પર્યંત વાગોળતાં રહેશે અને મીડિયા પણ વિવિધ પ્રકારનાં ખરાંખોટાં સર્વેક્ષણો કરાવી મોદીપ્રશસ્તિના કોરસમાં જોતરાવાની તક ઝડપી લેશે. નરેન્દ્ર મોદીએ એક કુશળ રાજકીય ખેલાડીની અદાથી તાલકટોરા સ્ટેડિયમમાં જોરદાર ફટકાબાજી કરીને પોતાની અનિવાર્યતાને ઉપસ્થિત વરિષ્ઠ મંડળ સહિત દેશભરમાંથી ઉમટેલા કાર્યકરોને અહેસાસ કરાવ્યો. પક્ષ પ્રમુખ રાજનાથસિંહે એમને અન્ય મુખ્યમંત્રીઓથી જુદા તારવી રાષ્ટ્રીય નેતૃત્વની વરમાળા પહેરાવી એટલું જ નહીં, એમણે સમસ્ત સભાને ઊભાં થઈ મોદીજીનું અભિવાદન કરાવ્યું. સમાપન ભાષણમાં પક્ષનાં વરિષ્ઠતમ નેતાએ મોદીને અટલબિહારી વાજપેયી સાથે સરખાવીને પોતે એમની સરખામણીએ કંઈક ઊતરતાં હોવાનો આડકતરો સંકેત જ આપી દીધો ગણાય. હવે પછીનો માર્ગ બહુ જ સ્પષ્ટ છે : એનડીએના સાથી પક્ષો ઈચ્છે કે ન ઈચ્છે પણ આગામી લોકસભાની જંગ ભારતીય જનતા પાર્ટી ફક્ત અને ફક્ત નરેન્દ્ર મોદીના જ સેનાપતિપદે લડવા કૃતસંકલ્પ છે. મોદીએ આ મુદ્દે સંભવિત શંકાકુશંકાનું નિવારણ કરતાં અંગત હેસિયતથી ખાતરી પણ આપી દીધી કે તેઓ ગમે તેવા સંજોગોમાં પણ પાર્ટીને ચૂંટણીની વૈતરણી પાર કરાવવા સક્ષમ છે. ૨૭૨ના માયાવી આંકડા સુધી પહોંચવાની કીમિયાગીરી એમણે હસ્તગત કરી લીધી છે. વિજયના આગોતરા વિશ્વાસ સાથે ચૂંટણી જંગમાં ઉતરવા થનગની રહેલા ગુજરાતના નાથનો અશ્વમેધનો ઘોડો તાલકટોરાની દિવાલો ઠેકીને મેદાનમાં આવી ગયો છે. પહેલાં જ રાઉન્ડમાં મોદીએ પક્ષનાં અદેખા પ્રતિસ્પર્ધીઓને મહાત કરી દીધા છે. અડવાણીએ અને સુષમાએ સામે ચાલીને શરણાગતિ સ્વીકારી લીધી છે. તો વળી શિવરાજસિંહ ચૌહાણ એમનાં વ્યકવ્ય દ્વારા જ એક પ્રાદેશિક નેતા તરીકે કદ મુજબ વેતરાઈ ગયા છે. એમણે મધ્યપ્રદેશમાં કલ્યાણરાજ સ્થાપવાના એમના પુરૂષાર્થનાં જ ગાણાં ગાયે રાખ્યાં જયારે મોદીએ જેની સામે જંગ જીતવા મેદાને ઉતરવાનું છે એવાં કોંગ્રેસ પક્ષના વડાપ્રધાનને 'નાઈટ વોચમેન' કહીને એના પરિવારવાદની ઝાટકણી કાઢી. કોંગ્રેસ પાસે એના પરિવારવાદનો બચાવ કરવાનો કોઈ રસ્તો જ બચ્યો નથી, તે જગજાહેર છે. પ્રજા સમક્ષ કોંગ્રેસની આ દુખતી રગ દબાવવાથી ભાજપને લોકો વચ્ચેથી ઊભરેલા રાજકીય પક્ષ તરીકે સમર્થન મળી શકે છે. મોદી વિરૂધ્ધ અનુગોધરા રમખાણોમાં રાજધર્મ ચૂક્યા હોવાથી ચવાઈ ગયેલી ફરિયાદ કેટલી કારગત નીવડશે તે સવાલ છે. બલકે એ મુદ્દે ગુજરાતની જેમ સમગ્ર દેશમાં હિંદુ વોટબેંકનું ધ્રુવીકરણ થવાની સંભાવના પણ નકારી શકાય એમ નથી. ફરી એક વાર ધર્મ-સંસ્કૃતિના નામે ભાજપ એનો વિજયરથ દિલ્હીના લાલકિલ્લા સુધી પહોંચાડવા સંકલ્પબધ્ધ હોય એમ લાગે છે. એ સંજોગોમાં બિહારના જદ (યુ) સહિતના રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચાનાં સાથીદાર પરિબળો કદાચ છૂટા પડી ત્રીજા મોરચાની મુલાયમ - સંકલ્પના પણ સાકાર કરી શકે. બળતું ઘર કૃષ્ણાર્પણ કરતા હોય એમ કયારેક ખુદ અડવાણીએ વિચક્ષણ ભવિષ્યવાણી કરેલી તે યાદ આવ્યા વગર રહેતી નથી. અડવાણીએ ભાખ્યું હતું કે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી પછી જે કોઈ સરકાર રચાશે તે કોંગ્રેસ કે ભાજપના નેતૃત્વવાળી નહીં હોય. તે કોઈ ત્રીજા પ્રાદેશિક પરિબળના નેતૃત્વ હેઠળની સરકાર હશે અને એનું આયુષ્ય પણ અલ્પ હશે. મુલાયમસિંહ કયારનાય ઘૂઘરા બાંધીને બેઠા છે અને એમ તો માયાવતીને પણ લાલકિલ્લા પર ત્રિરંગો ફરકાવવાના અભરખાં કયાં નથી?

એસ.જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પ્રવાસની મઝા માણી

વડોદરા કમાટી બાગ અને તિરૂપતિ નેચરલ પાર્કમાં બાળકો મનભરીને ફર્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરની કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો તાજેતરમાં એક દિવસીય પ્રવાસ યોજાયો હતો. ધોરણ-૧, ૨ અને ધોરણ-૩,૪,૫ ના વિદ્યાર્થીઓએ આ પ્રવાસમાં મન ભરીને મજા માણી હતી.

શાળાના ધોરણ-૧ અને ધોરણ-૨ના ભૂલકાઓ જીવનનો આનંદ, મોજ, મસ્તી અને અવનવી રમતોનો અદ્‌ભૂત આનંદ માણી શકે તે માટે તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ વિસનગરના તિરૂપતિ ફાર્મ ખાતેનો એક દિવસીય પ્રવાસ તાજેતરમાં યોજાયો હતો. પ્રવાસમાં શાળાના ૧૭૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ તિરૂપતિ ફાર્મમાં વિવિધ રાઈડ્સનો લાભ લીધો હતો. બાળકો સાથે શાળાના શિક્ષકોએ દિવસ દરમિયાન રહી બાળકોના-ભૂલકાઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

શાળાના ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓનો એક દિવસીય પ્રવાસ તા. ૨૩મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ યોજાયો હતો. જેમાં શાળાના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ ભાગ લઈ પ્રવાસની મજા માણી હતી. સવારે ૭ કલાકે ગાંધીનગર કડી કેમ્પસ ખાતેથી વિદ્યાર્થીઓથી ભરેલી ૮ લકઝરી બસ વડોદરા જવા રવાના થઈ હતી. વડોદરા પહોંચી બાળકોએ નાસ્તાનો આનંદ લઈ કમાટીબાગમાં આવેલા મ્યુઝિયમની મુલાકાત લીધી હતી.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ ચિડિયાઘરની મુલાકાત લઈ અવનવા પશુ-પંખીઓ અને જંગલી વાઘ-સિંહ, દીપડો, રીંછ વગેરેને પ્રત્યક્ષ નિહાળી અદ્‌ભૂત આનંદ મેળવ્યો હતો. બપોરના ભોજન બાદ વિદ્યાર્થીઓને અવકાશી ગ્રહો અને નક્ષત્રોની સમજ આપતો 'શો' બતાવવામાં આવ્યો હતો. જ્ઞાન સાથે ગમ્મત કરતા કરતાં વિદ્યાર્થીઓએ સમગ્ર દિવસને યાદગાર બનાવી દીધો હતો. શાળાના દરેક ધોરણના વર્ગ શિક્ષકો તેમજ સેવકગણ પણ પ્રવાસમાં જોડાઈને બાળકો સાથે અદ્‌ભુત આનંદ મેળવ્યો હતો

મારા પ્રિય દેશવાસી, કોઈ માણસ બે કામ સાથે ન કરી શકે... પહેલા મોંઘવારી હટાવવી છે કે ભ્રષ્ટાચાર..!! એ નક્કી કરીને મને કહો...!!

બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે હેલ્થી ફુડની આવશ્યકતા

ધો-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ચુસ્ત ડાયટ જરુરી છે

ગાંધીનગર, તા.૪

બોર્ડની પરીક્ષાઓને આડે હવે માત્ર બે દિવસ બાકી રહ્યા છે ત્યારે વિદ્યાર્થીઓ છેલ્લી ઘડીની તૈયારીમાં લાગ્યા છે. બોર્ડની પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓ ખાવા-પીવાનું ધ્યાન રાખતા નથી અને પરીક્ષા ટાણે જ બિમાર પડે છે અથવા અશકિત અનુભવે છે. બોર્ડના વિદ્યાર્થીઓ માટે અહીં ડાયટ પ્લાન અપાયો છે તે વિદ્યાર્થીઓને મદદરૂપ બની રહેશે.

બોર્ડની પરીક્ષા વિદ્યાર્થીઓના ભાવિ ઘડતર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે આ પરીક્ષામાં આવેલું પરિણામ તેમના આગામી અભ્યાસ પર ખૂબ જ અસરકારક નિવડે છે. વિદ્યાર્થીઓ આખું વર્ષ પરીક્ષાની તૈયારીઓ કરતા હોય છે પરંતુ કેટલીક વખત પરિક્ષા ટાણે જ ગભરાઈ જતાં હોય છે અથવા તો કોઈ નાની એવી ભુલ કરી બેસતા હોય છે જેથી તેમના પરિણામ પર તેની અસર જોવા મળે છે. તો આવો જાણીએ એવી નાની નાની ટીપ્સ જે બોર્ડની પરિક્ષામાં તમને મહત્વપૂર્ણ સાબિત થશે. પરીક્ષા નજીક આવે ત્યારે સલાહોથી બાળકો ઘેરાઈ જાય છે. લાંબા કલાકો વંચવાનું હોય ત્યારે જરૂરી બને છે કે તેમના ખોરાકની પુરી કાળજી લેવાય. આ મામલે માતાઓ ઘણીવાર વધુ પડતી કેરીંગ બની જાય છે જે યોગ્ય નથી. વધુ પડતો ખોરાક બાળકને આળસુ બનાવી શકે છે અથવા તો તેની સ્ફુર્તિ અથવા સજાગતામાં ઘટાડો થઈ શકે છે. ખરેખર તો જેમ સ્ટડીંગ ટાઈમ ટબલને ફિકસ કરવામાં આવે છે બિલકુલ તે જ રીતે ડાએટનું શિડયુલ પણ ફિકસ કરી દેવું જોઈએ. શારિરીક અને માનસિક સ્વસ્થતા માટે આ પગલું બહુ અનિવાર્ય છે. ડાએટ અને ઈટીંગ ટાઈમમાં સાવ નજીવો ફરક લાવવાથી પણ વિદ્યાર્થીઓને બહુ ફાયદો થઈ શકે છે. જો ટાઈટ શિડયુલ વચ્ચે વિદ્યાર્થીઓ ડાએટ પ્રત્યે નિષ્કાળજી રાખે તો તબિયત ખરાબ થાય અને પરિણામ પર અસર થાય.

● અનુસંધાન પાના-૭ પર

આર.એન. પટેલ પ્રાથમિક શાળાએ વિધાનસભા ગૃહની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૭ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં વિધાનસભા ગૃહની મુલાકાત લઈ ગૃહની કાર્યપદ્ધતિ નિહાળી હતી.

શાળાના આચાર્યએ જણાવ્યું છે કે આર.એન. પટેલ શાળાના ધોરણ-૭માં અભ્યાસ કરતા ૩૪૬ વિદ્યાર્થીઓ અને તેમના શિક્ષકોએ તાજેતરમાં વિધાનસભાનું સત્ર પ્રત્યક્ષ નિહાળ્યું હતું. રાજય સરકારની કામગીરી તથા વિધાનસભા ગૃહની કાર્યપદ્ધતિ નિહાળી હતી. વિદ્યાર્થીઓએ સમગ્ર ગૃહની કામગીરી, ચર્ચા વિચારણા અને પ્રશ્નોત્તરીની માહિતી મેળવી શૈક્ષણિક વિગતો પ્રત્યક્ષ નિદર્શન સાથે પ્રાપ્ત કરી હતી.

પી.કે. ચૌધરી કોલેજની વિદ્યાર્થીઓ દૂરદર્શનના 'હરતાં-ફરતાં' કાર્યક્રમમાં ઝળકી

ગાંધીનગર, તા. ૪

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીઓ દૂરદર્શન 'હરતાં ફરતાં' કાર્યક્રમમાં ભાગ લઈ ટ્રોફી મેળવી હતી. કુ. વૃશાલી ચૌધરીએ ટ્રોફી મેળવી છે. સંસ્કૃતિ કુંજના સેટ પર રેકર્ડ થયેલા આ કાર્યક્રમમાં યુવક સેવા સાંસ્કૃતિક વિભાગનાં આસી. ડાયરેકટર મનોજ શુક્લના સહોયગ અને ડૉ. લીના સ્વાદિયા, પ્રા. નરેન્દ્ર પટેલનાં માર્ગદર્શન હેઠળ ૧૨ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લીધો છે. તા. ૬મી માર્ચનાં હરતાં ફરતાં કાર્યક્રમ સાંજે સાત વાગે પ્રસારિત થશે.

પી.કે.ચૌધરી મહિલા કૉલેજમાં માનવ જીવનમાં ભાષા-વાણીના મહત્ત્વનું વ્યાખ્યાન

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં કાઉન્સિલિંગ કમિટી અંતર્ગત માનવ જીવનમાં ભાષા અને વાણીનાં મહત્ત્વ વિષે પ્રા. પરમારે વિદ્યાર્થીઓને સારી રીતે સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. લીનાબેન,ડૉ. મીનાબેન તથા સજ્જન બેન ચૌધરીએ કરેલ હતું. આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ ગોઠવેલ હતો.

કડી સર્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત એસ.એસ. પટેલ દ્વારા વક્તૃતત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૪

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશ દ્વારા આંતર કોલેજને લઈ વક્તૃતત્વ સ્પર્ધા યોજાઈ ગઈ.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશ બી.એડ્. ગાંધીનગર તથા અમદાવાદની વિવિધ કોલેજોને લઈને 'યુવા શક્તિનું પ્રતિક સ્વામી વિવેકાનંદ' વિષય પર વક્તૃતત્વ સ્પર્ધા કોલેજના હોલમાં બપોરે ૨.૩૦ કલાકે યોજાઈ ગઈ.

કાર્યક્રમમાં બી.એડ. કોલેજના આચાર્યા જીજ્ઞાશાબેન પટેલ, અમદાવાદ બી.એડ. કોલેજના વ્યાખ્યાતા સી.જે. કોકણી, પત્રકારત્વ વિભાગના વ્યાખ્યાતા મિતેશ મોદી ઉપસ્થિત રહ્યા હતાં.

યુવા શક્તિનું પ્રતિક સ્વામી વિવેકાનંદ વિષય પર યોજાયેલા વક્તૃતત્વ સ્પર્ધામાં વિજેતામાં વૈદ્ય એમ.એમ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અમદાવાદના પટેલ રવિન્દ્રભાઈ પટેલે પ્રથમ સ્થાન મેળવીને રોલીંગ ટ્રોફી, રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર કોલેજના આચાર્યા જીજ્ઞાશાબેનના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું.

એસ.વી. બી.એડ. કોલેજ કડીના પટેલ રીધમભાઈએ દ્વિતીય સ્થાને અને એસ.વી. પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એડ. કોલેજના ડી મલાર તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને રોકડ રકમ તથા પ્રમાણપત્ર તથા અન્ય સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

વક્તૃતત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકે અર્ચનાબેન પટેલ અને ખેવનાબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન નરેન્દ્રભાઈ નાયી તથા તેમની ટીમે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રીતિ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ

ગાંધીનગર શહેર જિલ્લામાં અભ્યાસ કરતાં ધોરણ ૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીઓની પરીક્ષાની શુભેચ્છા ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ મુકેશભાઈ પટેલે પાઠવેલ છે. મહામંત્રી કે.પી. સોલંકી, રોનક ચાવડા, સંગઠન મંત્રી વિજય સોલંકીને પણ શુભેચ્છાઓ પાઠવેલ છે.

પી.કે. ચૌધરી કૉલેજમાં ચૉકલેટ-આઈસ્ક્રીમ બનાવતાં શીખવાડ્યું

પી.કે. ચૌધરી મહિલા કૉલેજ ગાંધીનગરમાં ચાલતા બી.એ. હોમ સાયન્સ વિભાગ દ્વારા વર્કશોપ યોજાયો હતો. વિવિધ પ્રકારની ચોકલેટ અને આઈસ્ક્રીમની બનાવટ એક નિષ્ણાંત રૂપાબેન શાહ એ માર્ગદર્શન આપી શીખવાડ્યું હતું. આચાર્ય ઉર્મિલાબેન ચૌધરી અને આધ્યાપકો દ્વારા આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળાના ધો. ૮ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આવેલી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આગામી વર્ષે માધ્યમિક શાળામાં પ્રવેશવાના હોવાથી તેને શુભેચ્છા આપતો સમારંભ તાજેતરમાં શાળા કેમ્પસમાં યોજાયો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી તેઓના પ્રતિભાવો મેળવ્યા હતા.

અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે.એમ. ચૌધરી સાર્વ. પ્રાથમિક વિદ્યાલયમાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. આ શુભેચ્છા સમારોહમાં મંડળના ટ્રસ્ટી હરિભાઈ ચૌધરી, મણીભાઈ ચૌધરી, મંડળ સંચાલિત ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ, ઈંગ્લિશ મિડિયમના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. શુભેચ્છા સમારોહની શરૂઆત શાળાના આચાર્ય મિનાબેન ચૌધરી, મંડળના ટ્રસ્ટીઓ તથા સિનિયર શિક્ષકગણ દ્વારા દિપપ્રાગટ્ય દ્વારા કરવામાંઆવી હતી. ત્યારબાદ ધોરણ-૮ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના, ડાન્સ, ગરબા અને દેશભક્તિ ગીત જેવા વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા આ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય, ઉપસ્થિત મહાનુભાવો તથા શિક્ષકગણ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ત્યારબાદ ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમના અંતે અંજનાબેન દેસાઈએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન અંજનાબેન ચૌધરી તથા બિનિતાબેન દવેએ કર્યું હતું. સ્ટાફના સહયોગથી આ કાર્યક્રમ સુંદર રીતે પૂર્ણ થયો હતો.

એલ.ડી.આર.પી. કૉલેજ દ્વારા એન.એસ.એસ. કેમ્પ

એલ.ડી.આર.પી. આઈ.ટી.આર કૉલેજના એન.એસ.એસ. વિદ્યાર્થીઓનો ફત્તેહપુરા માણસામાં કેમ્પ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ૭ દિવસ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મેડિકલ કેમ્પ, શ્રમદાન, શૌચાલયનો ઉપયોગ વગેરે વિષે માહિતી આપી હતી. પ્રાથમિક શાળાના બાળકો સાથે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવયું હતું. બાળકોને મેડલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કેમ્પના સમાપન સમારંભમાં ગાંધીનગર રોટરી કલબના પ્રમુખ સમીર ત્રિવેદી, મેહુલ મહેતાએ પોલિયો રસીકરણ વિષે સમજાવ્યું હતું. ફત્તેહપુરના સરપંચ ડાહ્યાભાઈ ચૌધરી અને ગ્રામવાસીઓએ સહકાર આપ્યો હતો. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર નૌરીન જે. વૈયના દ્વારા આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા ઈનામ વિતરણ તથા વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૪

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત ગુજરાતી તથા ઈંગ્લિશ મીડિયમાં ચાલતી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા વિદ્યાર્થીઓમાં ઈનામ વિતરણ તથા વાર્ષિકોત્સવ સેકટર-૨ ઉની કેમ્પસ હોલમાં ઉજવાઈ ગયો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહિત વાલીઓ તથા સંસ્થાના હોદેદારો ઉપસ્થિત રહ્યાં હતા.

સેકટર-૨ ૩માં આવેલ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ, શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ તથા શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તથા વાર્ષિકોત્સવનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વાઈસચેરમેનના અધ્યક્ષ સ્થાને સેકટર-૨ ઉના કેમ્પસમાં આવેલ શેઠશ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે સવારે ૯.૦૦ કલાકે યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને સંસ્થાના ચેરમેન ડૉ. કનુભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે ભરતભાઈ પટેલ (યુ.એસ.એ.), પ્રભાબેન ભરતભાઈ પટેલ (યુ.એસ.એ.),સેકટર-૨ ઉના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, નર્સીંગ કોલેજના કેમ્પસ ડારેકટર ડૉ. આર.જે. વ્યાસ, સમીરભાઈ શાહ,ભાવિકભાઈ રાજા, સવિતાબેન કે. પટેલ, મધુબેન પટેલ, કૌશલ્યાબેન પટેલ, ભાવિકભાઈ રાજા, જયેશભાઈ એન્ડ ટીમ સહિત સંસ્થાના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

કડી સર્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિકના તેજસ્વી તારલાઓને પૂજય છગનભા, પૂજય દાસકાકા અને પૂજય દિવાળીબા પારિતોષિક પુરસ્કાર અર્પણ ઉપસ્થિત મહેમાનોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં. અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેલા ડૉ. કનુભાઈ પટેલે સંસ્થાની વિકાસગાથા સાથે સંકળાયેલા પોતાના સંસ્મરણો રજૂ કર્યા હતા. તથા સંસ્થાના ભાવિ આયોજનો વિશેની માહિતી આપી હતી. વધુમાં વાર્ષિકોત્સવ નિમિતે સ્કુલના બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ 'માતૃપિતૃ વંદના' કાર્યક્રમ રજૂ કરનાર તમામ

વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા માતાપિતાનું સ્થાનને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીઓ પાસે 'માતૃપિતૃવંદના' નામક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ માતપિતાના વાત્સલ્યને ધ્યાને લઈને સુંદર નૃત્ય નાટિકાઓ પ્રસ્તુત કરી હતી. જેને ઉપસ્થિત તમામ મહેમાનોએ તથા શ્રોતાઓએ વખાણી હતી.

કાયક્રમનું સફળ આયોજન શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિકના આચાર્યા સુધાબેન પટેલ, શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલના આચાર્ય બચુભાઈ પટેલ, શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલના આચાર્ય ચીનુભાઈ પટેલ તથા ઈંગ્લીશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલના આચાર્ય અર્પિતભાઈ કશ્ચિયન દ્વારા કરવા આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કામીનીબેન મહંતે કર્યું હતું.